# કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ધંધુકા ખાતે તા. ૧/૨/૨૦૨૪ અને ૨/૨/૨૦૨૪ ના રોજ "શિયાળુ પાકોમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન" વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયા સાહેબશ્રીના પ્રેરક માર્ગદર્શન હેઠળ કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ધંધુકા ખાતે કાર્યરત સરદાર સરોવર નર્મદા નિ. લી. પ્રોજેક્ટ તેમજ અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોઓપરેટીવ બેન્કના સંયુક્ત ઉપક્રમે તા. ૧/૨/૨૦૨૪ અને ૨/૨/૨૦૨૪ ના રોજ "ભાલ વિસ્તારના શિયાળુ પાકોમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન" વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાવામાં આવેલ. ઉપરોક્ત તાલીમમાં ધંધુકા તથા ધોલેરા તાલુકાના કુલ ૩૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સદર તાલીમમાં એડીસી બેન્કના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, શ્રી મંગીલાલ બહેડીયા, આસીસ્ટન્ટ જનરલ મેનેજર, શ્રી અંકુર પટેલ તેમજ ડીરેક્ટર, શ્રી અનિરૂધ્ધસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના યુનિટ વડા અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. કિંજલ સુથાર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો તેમજ ખેડૂતોને ભાવપૂર્વક આવકાર્યા તેમજ કેન્દ્ર ખાતે સંરક્ષિત બિનપિયત ઘઉં અને બિનપિયત ચણાના પાકોની સંશોધિત જાતો તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન કામગીરી વિષે વિગતવાર માહિતી આપી કાર્યક્રમને વેગવંતો કરી ઉત્સાહ વધાર્યો. ડૉ. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ભાલ વિસ્તારના શિયાળુ પાકો જેવા કે ઘઉં, ચણા અને જીરુમાં આવતા વિવિધ રોગ-જીવાતોના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતોને સવિસ્તાર માર્ગદર્શન આપેલ. ડૉ. વિપુલ મહેરીયા દ્વારા જમીન સ્વાસ્થ્ય પત્રક, જમીન ચકાસણી અને નર્મદા સિંચાઈ યોજના દ્વારા મળતા પિયતનો ખેતી પાકોમાં કાર્યક્ષમ ઉપયોગ વિષે માહિતી આપેલ. અત્રેના ખેતી મદદનીશ, શ્રી જે. એચ. મીણાપરા અને શ્રી એલ. બી. વલાણીયા દ્વારા ખેડૂતોને અત્રેના સંશોધન કેન્દ્ર પર લેવામાં આવેલ ઘઉં અને ચણાના વિવિધ સંશોધન અખતરાઓ તેમજ નિદર્શનોની મુલાકાત કરાવેલ.

કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત તમામ લોકોએ આગામી સમયમાં આ તાલીમ દ્વારા મેળવેલ આણંદ કૃષિ યુનિવર્સિટિની અદ્યતન તજજ્ઞતાઓનો ઉપયોગ કરી પોતાની, ગામની, તાલુકાની, જીલ્લાની, રાજ્યની અને રાષ્ટ્રની કૃષિ અર્થવ્યવસ્થામાં પોતાનો સિંહફાળો આપી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી થવાનો સંકલ્પ કર્યો. અંતમાં ડૉ. જયદીપ ભટ્ટ, ખેતી અધિકારીએ સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરેલ.






કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી,
ધંધુકા જી. અમદાવાદ
SSNNL ગાંધીનગરના સહયોગથી
એક દિવસીય ખેડૂત તાલીમ
AGRICULTURAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY




AGRICULTURAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY









